વિસનગરના ઈતિહાસમાં કોઈ સંસ્થાનો ક્યારેય ન યોજાયો હોય તેવો

નૂતન સર્વ વિદ્યાલયનો યાદગાર અમૃત મહોત્સવ યોજાયો

તસ્વીર- પ્રકાશ સોની, રાકેશ રાવલ

(પ્ર.ન્યુ.સ.) વિસનગર,રવિવાર

વિસનગરના ખ્યાતનામ ઉત્તર ગુજરાતમાં નામના પ્રાપ્ત ના.મ.નૂતન સર્વ વિદ્યાલયનો અમૃત મહોત્સવની તૈયારીઓ છેલ્લા છ માસથી ચાલતી હતી. ત્યારે વિસનગરના ઈતિહાસમાં અગાઉ કોઈપણ શૈક્ષણિક સંસ્થા દ્વારા ન યોજાયો હોય તેવો અભૂતપૂર્વ મહોત્સવ લોકોએ માણ્યો. બે દિવસનો સફળ યાદગાર અમૃત મહોત્સવ યોજી નૂતન કેળવણી મંડળના વાઈસ ચેરમેન અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલે એ સાબીત કરી બતાવ્યુ છે કે સાંકળચંદકાકા અને સ્વ.ભોળાભાઈ પટેલનો વારસો સાચવવામાં પોતે સક્ષમ છે. અને સ્વ.ભોળાભાઈ પટેલે શૈક્ષણિક નગરીમાં શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો જે સંકલ્પ કર્યો હતો તે આગળ ધપાવવા કટીબધ્ધ છે. અમૃત મહોત્સવના બે દિવસના કાર્યક્રમો નિહાળી મહોત્સવમાં ભાગ લેનાર આમંત્રીત મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શહેરીજનો વિગેરેએ નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, આચાર્યો, સ્ટાફ તથા શાળા તેમજ કોલેજમાં વિદ્યાર્થીઓની મહેનતની ખરા હૃદયથી બીરદાવી હતી. નૂતન સર્વ વિદ્યાલયના અમૃત મહોત્સવના કાર્યક્રમો શૈક્ષણિક નગરીના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સાંસ્કૃતિક કાર્યક્રમ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનુ સંમેલન અને સમાપન સમારોહમાં સ્વ.ભોળાભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી

ના.મ.નૂતન સર્વ વિદ્યાલયના શિક્ષણ કાર્યના ૭૫ વર્ષ પૂર્ણ થતા તા.૨૬-૨૭ નવેમ્બર અમૃત મહોત્સવ યોજવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે કાર્યક્રમની શરૂઆત તા.૨૬ નવેમ્બરે નૂતન સર્વ વિદ્યાલયના પ્રાગણથી કરાઈ હતી. શૈક્ષણિક નગરીના ઈતિહાસમાં ભૂતકાળમાં ક્યારેય થયો ન હોય અને ભવિષ્યમાં કદાચ થાય નહી તેવા અમૃત મહોત્સવની શરૂઆત શોભાયાત્રાથી થઈ હતી. શાળાના પ્રાંગણમાં સવારે ૭ થી ૮ દરમ્યાન શાળાના પ્રાથમિકથી માંડી ઉચ્ચત્તર વિભાગના વિદ્યાર્થી ભાઈ બહેનો અને આ સંસ્થાની ભગીની સંસ્થાઓ ર.જો.પટેલ, નૂતન વિદ્યાલય કાંસા, ના.વી.કન્યા વિદ્યાલય વિસનગરના વિદ્યાર્થી ભાઈઓ, બહેનો એકત્રીત થયા હતા. સવારે ૮-૩૦ કલાકે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસીડન્ટ, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખ પ્રકાશભાઈ એસ.પટેલ, શોભાયાત્રા પ્રસ્થાનના મુખ્ય મહેમાન ધારાસભ્ય ઋષિભાઈ પટેલ, ગણપત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ એલ.એન.પટેલ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડી.જે.શાહ, સંસ્થાના મંત્રી સી.એમ.પટેલ, નૂતન સર્વ વિદ્યાલયના આચાર્ય એમ.એસ.નાયક, કેળવણી મંડળના તમામ પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, યુનિવર્સિટીની તમામ કોલેજના પ્રિન્સીપાલ, હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ, નૂતન સર્વ વિદ્યાલયનો તમામ શૈક્ષણિક અને બીન શૈક્ષણિક સ્ટાફ, તમામ ભૂતપૂર્વ આચાર્યો, કેળવણીકારો વિગેરે શોભાયાત્રામાં જોડાવા પુરા ઉત્સાહથી હાજર રહ્યા હતા. સવારે ૯-૦૦ કલાકે ધારાસભ્ય અને તમામ ઉપસ્થિત મહેમાનોની હાજરીમાં સંસ્થાને ૭૫ વર્ષ પૂર્ણ થતા ૭૫ કિલોની કેક કાપી, આકાશમાં ફૂગ્ગા ઉડાવી લીલી ઝંડી બતાવી શોભાયાત્રાનુ પ્રસ્થાન કરાવ્યુ હતુ. જેમાં સૌપ્રથમ બેન્ડવાજા પાર્ટી અને તેની પાછળ નૂતન વિદ્યાલયની ૭૫ બાલીકાઓ ૭૫ જવારાના ક્યારા સાથે જોડાઈ હતી. તેની પાછળ ડીજેના દેશભક્તિના ગીતો સાથે પાંચ બગીઓ શોભાયાત્રામાં સામેલ થઈ હતી. આ બગીઓમાં પ્રથમ બગીમાં સંસ્થાના પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલ, મંત્રી સી.એમ.પટેલ, ભરતભાઈ આઈ.પટેલ, અન્ય બગીઓમાં સંસ્થાના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, ભૂતપૂર્વ આચાર્યો, પૂર્વ શિક્ષકો અને કેળવણીકારોને બેસાડવામાં આવ્યા હતા. નૂતન વિદ્યાલય, ભગીની સંસ્થાઓ અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની તમામ કોલેજના થઈ ૧૦જેટલા જોડાયેલા ટેબ્લોએ શોભાયાત્રામાં આકર્ષણ જમાવ્યુ હતુ. તમામ ટેબ્લોમાં વિવિધતા હતી. જેમાં સંસ્થાનુ મકાન, સંસ્થાના આદ્યસ્થાપક સાંકળચંદ કાકાની પ્રતિમા, સ્વ.ભોળાભાઈ પટેલની પ્રતિમા, સરસ્વતી સ્થાપન, બાળાઓની વેશભુષા, વિદ્યાર્થીઓની વેશભુષા, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી બનાવેલ એન્જીનીયરીંગ કોલેજનો ટેબ્લો, બેટી બચાવો, બેટી પઢાવોનો ટેબ્લો, સ્વચ્છતા અભિયાન ટેબ્લો, સંસ્થાના વટવૃક્ષનો ટેબ્લો, ત્રણ દરવાજા ટાવરનો ટેબ્લો, બાળકો દ્વારા નિર્મિત વિવિધ, શિક્ષણને લગતા વેશભુષાના ટેબ્લો સાથે સંસ્થાના યુનિવર્સિટીના તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળી ૫૦૦૦ વિદ્યાર્થી ભાઈઓ બહેનો શોભાયાત્રામાં જોડાયા હતા. શહેરના ૧૫૦૦૦ થી પણ વધુ સંખ્યામાં નાગરીકો વિવિધ સ્થળેથી શોભાયાત્રામાં જોડાઈ શોભાયાત્રાને ચાર ચાંદ લગાવી દીધા હતા. ૧ કી.મી.થી પણ વધુ લાંબી શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ.

શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો ઉપરથી પસાર થઈ ત્યારે ઠેર ઠેર તેનુ સ્વાગત થયુ હતુ. જેમાં ગંજબજાર રેલ્વે ફાટક પાસે ખરીદ વેચાણ સંઘ, ગંજબજાર વેપારી મંડળ, રોટરી કલબ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જેમાં ખરીદ વેચાણ સંઘના પ્રમુખ કે.કે.ચૌધરી તથા રોટરી પ્રમુખ નીગમભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. રેલ્વે સર્કલ પાસે જી.ડી.હાઈસ્કુલના આચાર્ય તથા સ્ટાફ, તાલુકા માધ્યમિક શાળાની ધિરાણ મંડળીના પ્રમુખ દ્વારા, પંચાલ બોર્ડીંગ પાસે પત્રકાર અશ્વીનભાઈ પંચાલ, સી.એન.કોલેજ પાસે પ્રિન્સીપાલ ડૉ.એમ.એફ.પટેલ દ્વારા, સિવિલ હોસ્પિટલના ગેટ આગળ હોસ્પિટલના અધિક્ષક ડૉ.પારૂલબેન પટેલ, પોલીસ સ્ટેશન આગળ પી.આઈ.પી.કે.રાણા તથા સ્ટાફ દ્વારા, ત્રણ દરવાજા ટાવર પાસે વેપારી મહામંડળના પ્રમુખ કાળુભાઈ પટેલ તથા અન્ય હોદેદારો, ઠાકોર સમાજના અગ્રણી પાલિકા સભ્ય અજમલજી ઠાકોર, ડી.વાય.એસ.પી.અને પાલિકા દ્વારા સ્વાગત કરાયુ હતુ. ટાવરની અંદર ગોવિંદચકલા ચાર રસ્તા ઉપર સોના ચાંદી એસો.પ્રમુખ રાજુભાઈ પટેલ આર.કે., પૂર્વ પાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, જયંતિભાઈ કે.પટેલ રંગવાળા, વાડીભાઈ પટેલ ઉમિયા પ્લાયવુડ દ્વારા સ્વાગત કરાયુ હતુ. ગુંદીખાડ માંડવીચોક મનારામાં પૂર્વ કોર્પોરેટર ડૉ.કાન્તીભાઈ પટેલ, ડૉ.પ્રહેલાદભાઈ બી.પટેલ, બાપુના ચોરા પાસે ઉમેદપુરી સંઘ લાટી પાસે આલમભાઈ કાપડીયા, સાતચકલી પાસે મનસુરી સમાજના, મુસ્તાકભાઈ મનસુરી, પોસ્ટ ઓફીસ પાસે ડૉ.ડાહ્યાભાઈ પટેલ, પોસ્ટ માસ્ટર પ્રવિણભાઈ ઝાલા, દિપક ચાર રસ્તા પાસે વિસનગર તળ કડવા પાટીદાર સમાજ અને કારોબારી સભ્યો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયુ હતુ. જ્યા ગીતમભાઈ કડીયા, નારણભાઈ કડીયા, કનુભાઈ મોદી, દિનેશભાઈ પ્રજાપતિ હાજર રહી સ્વાગત કર્યુ હતુ. સવાલા દરવાજા હરિહર સેવા મંડળ પાસે આચાર્ય રમેશભાઈ પટેલ, હરિહર સેવા મંડળ આગળ દ્વારકેશભાઈ મણીઆર દ્વારા, આદર્શ વિદ્યાલય પાસે સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટી અને શૈક્ષણિક સ્ટાફ, લવજીભાઈ ચૌધરી દ્વારા મજુર સહકારી મંડળીના પી.સી.પટેલ વિગેરે દ્વારા સ્વાગત કરાયુ હતુ. અમૃત મહોત્સવની આ શોભાયાત્રાનુ શહેરના મોટાભાગના આગેવાનો રાજકીય નેતાઓ, નગરજનોએ નાતજાત કે રાજકીય દ્વેષભાવ વગર સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. બપોરે ૧૨-૦૦ કલાકે શોભાયાત્રા એસ.કે.યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચતા યુનિવર્સિટીના કુલપતી ડી.જે.શાહ, તમામ કોલેજના પ્રિન્સીપાલ તથા સ્ટાફે શોભાયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. જ્યા સંસ્થાના સ્થાપક સાંકળચંદભાઈ શેઠની પ્રતિમાને ફુલહાર અર્પણ કર્યા હતા. શોભાયાત્રા માટે પી.આઈ. પી.કે.રાણા તથા તેમના સ્ટાફે ખડેપગે રહી ટ્રાફીકની વ્યવસ્થા કરી હતી.

શહેરના મોટાભાગના આગેવાનો, રાજકીય નેતાઓ, શૈક્ષણિક સંસ્થાના આચાર્યો, ટ્રસ્ટીઓ, નગરજનો નાત-જાત કે રાજકીય દ્વેષભાવ રાખ્યા વગર અમૃત મહોત્સવ નિમિત્તેની શોભાયાત્રાનુ સ્વાગત કરી શહેરની એકતાના દર્શન કરાવ્યા

તા.૨૬-૧૧-૨૦૧૬ ના રોજ સવારે ભવ્ય શોભાયાત્રા બાદ એસ.કે.યુનિવર્સિટીના કેમ્પસમાં રાત્રે ૮-૦૦ થી ૧૨-૦૦ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ધારાસભ્ય ઋષિભાઈ પટેલ, જીલ્લા કલેકટર આલોકકુમાર પાંડે, પ્રાન્ત અધિકારી વી.જી.રોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા જયરાજસિંહ પરમાર હાજર રહ્યા હતા. ગણેશવંદના સાથે મહેમાનોના વરદહસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. યુનિવર્સિટીના પ્રેસીડન્ટ તેમજ કેળવણી મંડળના ઉપપ્રમુખ પ્રકાશભાઈ પટેલ અને મંત્રી ચંદ્રકાન્તભાઈ પટેલે મહેમાનોનુ બુકે તથા મોમેન્ટો આપી સ્વાગત કર્યુ હતુ. પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલે ઉપસ્થિત તમામ મહેમાનોનુ શાબ્દીક સ્વાગત કરી સંસ્થાની શૈક્ષણિક કારકિર્દિની રૂપરેખા આપી આગામી સમયમાં સંસ્થાને વૈશ્વિક જોડાણ કરીને શિક્ષણના વ્યાપને ઉજાગર કરવાની ખાત્રી આપી હતી. કોંગ્રેસના પ્રવકતા જયરાજસિંહ પરમારે પોતાના સ્મરણો યાદ કરી સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી હોવાના નાતે ઉપસ્થિત રહેવાની તક આપવા બદલ આભાર વ્યક્ત કરી સંસ્થાના કર્મયોગી સાંકળચંદકાકા અને ભોળાભાઈ પટેલના કાર્યોને યાદ કર્યા હતા. હરહંમેશ સંસ્થા પ્રત્યે પોતાનો લગાવ રહ્યો છે અને રહેશે તેમ જણાવી વિસનગરની ભુમિમાં જન્મ લેવાનુ વારંવાર મન થાય તેવા પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન જીલ્લા કલેકટર આલોકકુમાર પાંડેએ સુંદર અને અદ્દભૂત કહી શકાય તેવા માનવમેદની વચ્ચે યોજાતા અમૃત મહોત્સવને સમુદ્રમાંથી પ્રાપ્ત થયેલ અમૃતમંથન બાદ અમૃતકુંભ સમાન ગણાવી પોતાના બાળપણની શાળાને યાદ કરી જણાવેલ કે સરકારી નોકરી અને વહીવટમાં વ્યસ્તતાના કારણે મારી માતૃ-સંસ્થામાંતો જઈ શકાતુ નથી. પરંતુ આજે અહી આવી પોતાની શાળામાં આવ્યો હોઉ તેવો અનુભવ થયો છે. તેઓ શિક્ષણ આપતી આટલી મોટી સંસ્થાના કાર્યોથી ખુબજ પ્રભાવિત થયા હતા. ધારાસભ્ય ઋષિભાઈ પટેલે પોતાના વ્યક્તવ્યમાં સંસ્થાની પાયાની ઈંટ સમાન શ્રી ગોવિંદરાવ ઉત્રાણકર પરિવારને યાદ કરી તેમના અધુરા કાર્યો સાંકળચંદભાઈ પટેલ અને ભોળાભાઈ પટેલે પુર્ણ કર્યા છે. અને હવે સંસ્થાની કમાન સાંકળચંદભાઈ પટેલના પૌત્ર પ્રકાશભાઈ પટેલ પાસે છે ત્યારે પ્રકાશભાઈ પટેલ પુરા ઉત્સાહથી શિક્ષણના વિકાસના કાર્યો પુર્ણ કરી સ્વર્ગસ્થ દાદા અને ભોળાભાઈ પટેલને સાચી શ્રધ્ધાંજલી આપશે તેવુ જણાવી વિસનગર એ સંસ્કારી અને શૈક્ષણિક નગરી છે તેનુ આન, બાન અને શાનથી જતન પ્રકાશભાઈ પટેલ કરશે તેવી શીખ આપી આ પ્રસંગે સંસ્થાને રૂા.૫,,૦૦,૦૦૧/- આપવાની જાહેરાત કરી હતી. મહેમાનોના વ્યક્તવ્યો બાદ ૧૯૪૨ સ્વાતંત્ર્ય સંગ્રામની ડૉક્યુમેન્ટરી ફિલ્મના નિદર્શન સાથે ૧૯૩૪ થી શરૂ થયેલ ધી ન્યુ ઈંગ્લીશ સ્કુલ અને ત્યારબાદ આ સ્કુલ નૂતન વિદ્યાલયમાં કેવી રીતે રૂપાંતરીત થઈ જે આધારીત ડૉક્યુમેન્ટરી ફીલ્મ દર્શાવવામાં આવી હતી. આ ફિલ્મમાં ના.મ.નૂતન સર્વ વિદ્યાલયના દાતા શ્રી ચીનુભાઈ પરીખને પણ યાદ કર્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ૧૯૫૬ માં આ શાળાના વિદ્યાર્થી હતા. ઉપરાંત દેશ વિદેશમાં સ્થાયી થયેલા તમામ જાણીતા તબીબો, એન્જીનીયરો, વકીલો, જાણીતા ઉદ્યોગપતિઓ, વેપારીઓ વિગેરે શાળાના સંસ્કારો અને શિક્ષણથી કેટલા આગળ છે તેની ડૉક્યુમેન્ટરી ફીલ્મ દ્વારા જાણ કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૮ થી ૧૦ હજારની બેઠક વ્યવસ્થા ધરાવતો આખો મંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો. આટલી મોટી અભૂતપૂર્વ બેઠક વ્યવસ્થા હોવા છતા લોકોના ધસારાના કારણે બેસવાની વ્યવસ્થા નહી મળતા લોકો પાછળ ઉભા રહી કાર્યક્રમ માણ્યો હતો. પાછળ દુર સુધી ઉભા રહેલા લોકો કાર્યક્રમ માણી શકે તે માટે મોટા સ્કીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્ટેજ કાર્યક્રમમાં શાળાના તથા વિવિધ સંસ્થાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ પોતાની કલાકનુ પ્રદર્શન કર્યુ હતુ. જેમાં ડેન્ટલ કોલેજ દ્વારા ભારત નાટ્યમ અને વંદે માતરમ્, સીંગર સોન્ગ, અને ડાન્સ રજુ થયા હતા. નૂતન સર્વ વિદ્યાલયની બહેનો અને ભાઈઓ દ્વારા ગરબો, મલ્હારી ડાન્સ, બેટી બચાવો થીમ, આર્મી ડાન્સ અને અન્ય વિવિધ કાર્યક્રમો રજુ થયા હતા. સર્વ શિક્ષા અભિયાન થકી નાના બાળાઓએ ઈંગ્લીશ કાવ્ય ડૉક્યુમેન્ટરી ફીલ્મથી રજુઆત કરી હતી. જય દ્વારકાધીશ સુરેન્દ્રનગરના માધ્યમથી માલધારી રાસમંડળે માલધારી રાસ-કાનુડો રાસ રજુ કર્યા હતા. કાંસા ર.જો.પટેલ નૂતન વિદ્યાલયે ગંગા, શીવ અને દેવોની પ્રતિકૃતિ રજુ કરી હતી. આલાપ ઓરકેસ્ટ્રાએ વડનગરમાં યોજાયેલ તાનારીરી પ્રસંગના અનુસંધાને નૂતન મેધાને લગતા ગીતોનુ ગાન કર્યુ હતુ. સણાલી તા.દાંતાની સર્વોદય વિદ્યાલયની બાળાઓ અને ભાઈઓએ આદીવાસી જવારા નૃત્ય રજુ કર્યુ હતુ. ના.વી.કન્યા વિદ્યાલયની બહેનોએ ડાન્સથી પ્રેક્ષકોના મન ડોલાવ્યા હતા. સંસ્થાની સાયન્સ કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સેવધ ચાઈલ્ડસ થીમ રજુ કર્યુ હતુ. કાર્યક્રમના અંતે વિસનગરનુ ગૌરવ, આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પરાગ કંસારા કે જેમણે વિશ્વના ૧૬ જેટલા દેશમાં પોતાના હાસ્ય રંગત કાર્યક્રમો રજુ કરી વિશ્વમાં નામ ઉજાગર કર્યુ છે. તેમણે હાસ્યનુ વાવાઝોડુનો નાનો કાર્યક્રમ રજુ કરી દર્શકોને પેટ પકડીને હસાવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ ત્રણ કલાકથી વધારે સમય ચાલ્યો હતો. જેમાં ઉપસ્થિત રહી શોભા વધારી સહકાર આપનાર તમામનો સંસ્થાના પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

નૂતન કેળવણી મંડળના વાઈસ પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલે વડીલ ટ્રસ્ટીઓ અને સ્ટાફના સહકારથી એક અભૂતપૂર્વ યાદગાર સફળ અમૃત મહોત્સવ યોજી સાંકળચંદકાકાના પૌત્ર તરીકે પોતાનામાં રહેલી શક્તિઓનો પરિચય કરાવ્યો

તા.૨૭-૧૧-૨૦૧૬ ના રોજ સવારે ના.મ.નૂતન સર્વ વિદ્યાલયના પ્રાંગણમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનુ સ્નેહસંમેલન યોજાયુ હતુ. જેમાં સવારે ૭-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરાયુ હતુ. શાળામાં પ્રવેશ મેળવનાર તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનુ પ્રવેશદ્વારથી શાળામાં સરણાઈના સુર સાથે કુમ કુમ તિલક કરી સાકરથી મોં મીઠુ કરાવી પુરા સન્માન પ્રવેશ કરાવ્યો હતો. વર્ષ ૧૯૪૨ થી ૧૯૧૬ સુધીના દશ વર્ષના તબક્કાવાર બનાવેલ સ્ટોલ ઉપર ટેકનોલોજીના માધ્યમથી કોમ્પ્યુટર રજીસ્ટ્રેશન કરાવી આઈકાર્ડ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ શિક્ષિકા, આચાર્યોને મળી પોતાની ભૂતકાળની યાદો તાજી કરી હતી. પોતાના ભૂતપૂર્વ શિક્ષકો અને આચાર્યોને જોઈ વિદ્યાર્થીઓના આંખમાં આસુ જોવા મળ્યા હતા. સવારે ૧૦-૦૦ કલાકે શાળાના મેદાનમાં વિશાળ શમિયાણામાં પ્રાર્થના ગીતથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પ.પૂજ્ય સંતશ્રી નિજાનંદ સ્વામી ગોતારકા, સંસ્થાના પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાન્તભાઈ પટેલ, શાળાના આચાર્ય એમ.એસ.નાયક, ટ્રસ્ટીગણના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરાયુ હતુ. પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલ અને મંત્રી ચંદુભાઈ પટેલે પ.પૂજ્ય સંતશ્રી નિજાનંદ બાપુને શાલ અર્પણ કરી મોમેન્ટ આપી હતી. આ પ્રસંગે કડી સર્વ કેળવણી મંડળના ઉપસ્થિત પ્રમુખ તથા ટ્રસ્ટીઓનુ બુકેથી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને આગળ ધપાવતા કેળવણી મંડળના ઉપપ્રમુખ પ્રકાશભાઈ પટેલે કાર્યક્રમની રૂપરેખા રાખી સંસ્થાની શરૂઆતથી હાલ સુધીની પ્રગતિ, સાંકળચંદ પટેલ વિદ્યાસંકુલનો પરીચય, ૧૪ જેટલી કોલેજો, ૨૦૧૬ માં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનુ નિર્માણ, હોમિયોપેથીક, આયુર્વેદિક અને મેડીકલ કોલેજના નિર્માણની કાર્યવાહી, સંસ્થાને વૈશ્વીક શૈક્ષણિક જગત સાથે જોડવાનો વિચાર, આ સંસ્થામાં અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓનુ કંપની સાથે જોડાણ વિગેરે બાબતો જણાવી વિકાસ માટે પુજ્ય સાંકળચંદ દાદાના મળેલા વિચારો અને તેમના અધુરા રહેલા કાર્યોને પુર્ણ કરવાની ખાત્રી આપી. સંસ્થાના પ્રમુખ ભોળાભાઈ પટેલનુ થોડા સમય પહેલા અવસાન થતા તેઓને યાદ કરી બે મીનીટનુ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી હતી. સંસ્થાના બન્ને પૂર્વ પ્રમુખના શિક્ષણના અધુરા સ્વપ્નો પૂર્ણ કરવાની નેમ સાથે સંસ્થાને સમર્પિત થઈ શિક્ષણની વિકાસયાત્રા મંજીલ સુધી પહોંચાડી પૂર્વજોનુ ઋણ અદા કરવા જણાવેલ. સંમેલનમાં આશિર્વચન આપવા પધારેલ સંતશ્રી નિજાનંદ બાપુએ મનનીય પ્રવચન આપી ઋણ સ્વિકાર અને ઋણ ચુકવવાના ભેદને સમજાવી કૃષ્ણ-સુદામાં અને સત્યભામાને યાદ કરી પ્રસંગોનુ ભાવવાહી નિરૂપણ કરેલ. ગાડા યુગમાં જન્મેલ માતા પિતાએ દુઝણી ભેંસને પાળી-સાચવી પુત્રને ભણાવ્યો છે. તો આ પુત્રએ પણ પોતાના જીવનની સિધ્ધિમાં દુઝણી ભેંસનુ યોગદાન ન ભુલવુ જોઈએ તેમ જણાવી સંસ્થા પ્રત્યેનુ ઋણ અદા કરવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શીખ આપી હતી. સ્નેહસંમેલન કાર્યક્રમના સમાપન બાદ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના જુના મિત્રો સાથે શાળાના મકાનમાં જઈ ક્લાસરૂમમાં બેસી પોતાની શૈક્ષણિક કાળની યાદ તાજી કરી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ આચાર્યની ઓફીસ આગળ વાકા પડી અંગુઠા પકડી કેવી શિક્ષા મળતી હતી તેની યાદ તાજી કરી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જુના મિત્રો સાથે શાળાનુ આખુ ચક્કર લગાવી દીધુ હતુ. મેદાનમાં કેવી રમતો રમતા હતા તેના સ્મરણો તાજા કર્યા હતા. ભૂતપૂર્વ આચાર્યો અને શિક્ષકોને મળી સેલ્ફી લીધી હતી. દર પાંચ કે દશ વર્ષે આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનુ સ્નેહસંમેલન યોજાય તેવી લાગણી વ્યક્ત કરી હતી. શાળામાં અભ્યાસ કરી ૬૦ વર્ષ વટાવી ચુકેલા સિનિયર સીટીઝન પણ શાળાની મુલાકાતથી પ્રભાવિત થયા હતા. કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના પરિવાર સાથે કાર્યક્રમમાં આવ્યા હતા. ૧૯૪૨ થી ૨૦૧૬ સુધી તબક્કાવાર બનાવેલ ટેન્ટમાં સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. સંસ્થાના ઓડીટોરીયમમાં નૂતન પ્રદર્શન ગોઠવવામાં આવ્યુ હતુ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૧૯૪૨ થી ૨૦૧૬ સુધીના સંસ્થાના રેકોર્ડ, ફોટા, મોમેન્ટો, શીલ્ડ, પ્રતિમાઓ, ચીત્રોનુ નિદર્શન કર્યુ હતુ. કાર્યક્રમમાં ફ્રી ફોટો સેશન ઝોન બનાવ્યો હતો. સ્કુલના ડ્રેસ સાથેના કટઆઉટ મુકવામાં આવતા ઘણા વિદ્યાર્થીઓએ સ્કુલ ડ્રેસ સાથેના ફોટા પડાવ્યા હતા. જે ઈમેલ એડ્રેસ આપનાર વિદ્યાર્થીઓના મેઈલમાં આ તસ્વીરો પહોંચતી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રાંગણમાં યુનિયન સેલનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમાં મોમેન્ટો વેચાણ કેન્દ્ર પણ ઉભુ કર્યુ હતુ. આ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનમાં ૫૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાને શિક્ષણ અને સંસ્કારોનુ સીંચન કરાવનાર ભૂતપૂર્વ આચાર્યો અને શિક્ષકોને મળી ભુતકાળની યાદ તાજી કરી

અમૃત મહોત્સવના ચોથા સોપાનમાં એસ.કે.યુનિવર્સિટી કેમ્પસમાં ભવ્ય સમાપન સમારોહનુ આયોજન તા.૨૭-૧૧ની બપોરે ૩-૦૦ થી સાંજે ૭-૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યુ. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ઉદ્દઘાટક નાયક મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સાંસદ જયશ્રીબેન પટેલ, અતિથિ વિશેષ પદે ધારાસભ્ય ઋષિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આશિર્વચન આપવા માટે જાણીતા કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ હાજરી આપી હતી. આ ઉપરાંત ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, અમદાવાદના મણીનગરના ધારાસભ્ય સંસ્થાના વિદ્યાર્થી હસમુખભાઈ પટેલ, પૂર્વ મંત્રી અનિલભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ નીતિનભાઈ પટેલ, કેળવણીકારો, શૈક્ષણિક સંસ્થાના વડાઓ, સંસ્થાના ભૂતપૂર્વ આચાર્યો, ભૂતપૂર્વ શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શહેરના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સમાપન સમારોહમાં સંખ્યા એટલી હતી કે મોટો મંડપ પણ નાનો પડ્યો હતો. ઉપસ્થિત તમામ મહેમાનો અને આમંત્રીતોના હસ્તે દિપપ્રાગટ્ય કરી ગણેશ વંદના અને પ્રાર્થનાગીતથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. મંચસ્થ તમામ મહેમાનોનુ સ્વાગત અને સન્માન બુકે-ફુલહાર તથા મોમેન્ટોથી યુનિવર્સિટીના પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાન્તભાઈ પટેલ અને સ્વામીનારાયણ સંસ્થાના પ્રમુખશ્રીના હસ્તે કરાયુ હતુ. સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીના પ્રેસીડન્ટ પ્રકાશભાઈ પટેલે અમૃત મહોત્સવના કાર્યક્રમની રૂપરેખા આપી સંસ્થાનો પરીચય કરાવ્યો હતો. સંસ્થાના વિકાસ માટે જે લોકોએ રૂા.૫ કરોડ ઉપરાંતનો ઉદાર હાથે ફાળો આપ્યો તે દાતાઓને યાદ કરી આભાર વ્યક્ત કર્યો હતો. સમાપન સમારોહમાં આશિર્વચન આપવા પધારેલ કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ જીવનમાં સફળ થવા માટેનો મંત્ર વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યુ હતુ. જેમાં આત્મવિશ્વાસ, ઈચ્છા શક્તિ, ઈશશ્રધ્ધા, સકારાત્મકતા, ક્રિયાત્મકતા અને મહત્વકાંક્ષા, મધુરતાની શબ્દોથી છણાવટ જુદા જુદા દાખલા ઉદાહરણ સ્વરૂપે કરી હતી. સંસ્થાના કાર્યોથી પ્રભાવિત થઈ પ્રસાદરૂપે રૂા.૧૧૦૦૦ દાન આપવાની જાહેરાત કરી હતી. ઉંઝાના ધારાસભ્ય નારાયણકાકાએ શાબ્દીક પ્રવચન દ્વારા સંસ્થાના શુભકાર્યોની સરાહના કરી પ્રસન્નતા પ્રગટ કરી હતી. સાંસદ જયશ્રીબેન પટેલે પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યુ હતું કે નૂતન કેળવણી મંડળના શિક્ષણના વિકાસની સુગંધ ચારેય તરફ ફેલાય છે. તેમના પતિ પણ આજ સંસ્થાના વિદ્યાર્થી હોવાથી તેમના વતી રૂા.૧૧,૦૦૦નુ દાન તથા સંસ્થાને આર.ઓ.પ્લાન્ટ માટે રૂા.૫,૦૦,૦૦૦ ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં મહેમાનોના હસ્તે સંસ્થાના તમામ ભૂતપૂર્વ આચાર્યશ્રીઓનુ સન્માન કરાયુ હતુ. જે આચાર્યો સ્વર્ગસ્થ થયા હતા તેમના પરિવારને સન્માનપત્ર અને મોમેન્ટો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આમંત્રીત હાજર રહેલ ભૂતપૂર્વ શિક્ષકોનું શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યુ હતુ. કડી સંસ્થાના પ્રમુખ અને ધારાસભ્ય અનિલભાઈ પટેલનુ પણ સ્વાગત સન્માન કરેલ. તેઓએ પણ શિક્ષણ ચીંતન વિશે પોતાની અભિવ્યક્તી રજુ કરી હતી. સંસ્થાના વિકાસ માટે વિસનગર તાલુકા મજુર સહકારી મંડળી દ્વારા રૂા.૧ કરોડનુ દાન અને અર્બન બેંક વતી આપવામાં આવેલ રૂા.૧૧ લાખના દાનની જાહેરાત કરવામાં આવી હતી. અતિથિ વિશેષ પદે હાજર ધારાસભ્ય ઋષિભાઈ પટેલે પૂ.સાંકળચંદકાકા અને તેમના કામના તેઓના સહયોગીઓને યાદ કરી નૂતન વિદ્યાલયની સ્થાપનાથી આજ સુધીના તેમના કાર્યોને યાદ કર્યા હતા. સ્વ.સાંકળચંદ કાકાને સ્મૃતિચિન્હ, સન્માનપત્ર તેમના પૌત્ર પ્રકાશભાઈને અર્પણ કરી ઋણમુક્ત બન્યાનો આભાર વ્યક્ત કર્યો હતો. સમારંભના અધ્યક્ષ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પોતાના પ્રવચનમાં જણાવેલ કે હું પણ ૧૯૫૬ થી ૧૯૬૦ સુધી આ શાળાની વિદ્યાર્થીની હતી. તે સમયે ટેકનોલોજીનો યુગ નહોતો. છતાં પણ શાળાની સહઅભ્યાસીક પ્રવૃત્તિમાં ભાગ લઈ અમારૂ સાચુ ઘડતર અમારા શિક્ષકોએ કરેલ. નૂતન વિદ્યાલયે પોતાની ફરજ અને કાર્ય શિક્ષણ માટે પુર્ણ કરી ફક્ત ઉત્તર ગુજરાત કે ગુજરાતજ નહી પણ વિશ્વ સુધી નામના પહોંચી છે અને હજુ પણ વિકાસ પામે તેવી શુભકામના આપી અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, કેળવણીકારો, દાનવીરોનુ સન્માન કર્યુ હતુ. અને પોતાના પ્રવચનમાં શિક્ષણ કાર્યના દિપને હજુ પણ વધુને વધુ પ્રગટાવવા તેની જ્યોતને અમર રાખવા શુભાશીષ પાઠવી પોતાના તરફથી બનતી તમામ સરકારી મદદ કરવા જણાવેલ. સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો આપી પૂજ્ય સાંકળચંદકાકાનુ સ્વપ્ન પૂર્ણ કરવા તેમના પૌત્ર પ્રકાશભાઈ પટેલ અને તેમની ટીમ તથા ટ્રસ્ટીઓની મહેનત રંગ લાવી અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેનના સમયગાળામાં આ ટ્રસ્ટને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી પ્રાપ્ત થઈ તે માટે તેમનો અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનો આભાર માન્યો હતો. કાર્યક્રમને અંતે ના.મ.નૂતન સર્વ વિદ્યાલયના આચાર્ય એમ.એસ.નાયક સાહેબે આભારવિધિ કરી હતી. તેઓએ નૂતન અમૃત મહોત્સવ ૨૦૧૬ માં સહયોગ આપનાર સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટીઓ, કન્વીનરો, સંસ્થાની તમામ કોલેજોના આચાર્યશ્રી, ડીનશ્રી, તમામ શિક્ષક ભાઈઓ, બહેનો, કેળવણીકારો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શાળા-કોલેજમાં વિદ્યાર્થી ભાઈ બહેનો અને અનેક નામી અનામી જેઓએ ખભેખભો મીલાવી આ કાર્યક્રમને દિપાવ્યો તે તમામનો હૃદયપૂર્વકનો આભાર માન્યો હતો.